# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા શનિવાર, તા.૦૫/૦૩/૨૦૨૦નાં રોજ સાંજે ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એચ. એ. પંડયાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા. ૦૫/૦૩/૨૦૨૦ |
|---|---|---|
| ૧. | પ્રો. એચ. એ. પંડયા, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડો. જગદીશભાઇ ભાવસાર, ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | ડો. ધરમસિંહ દેસાઇ | હાજર |
| ૪. | ડો.જસવંતભાઇ ઠકકર | હાજર |
| ૫. | ડો. ધવલભાઇ પટેલ | હાજર |
| ૬. | ડો. ઋષિકેશ વી. મહેતા | હાજર |
| ૭. | ડો. રશ્મિકાન્ત દવે | ગેરહાજર |
| ૮. | ડો. પી. એન. ગજજર | મેડીકલ ગ્રાઉન્ડ |
| ૯. | ડો. એચ. ડી. પટેલ | હાજર |
| ૧૦. | ડો. યુ. એસ. જોષી | હાજર |
| ૧૧. | ડો. જગદીશ એસ. જોષી | હાજર |
| ૧૨. | ડો. મુકેશ ખટીક | હાજર |
| ૧૩. | ડો. કે. સી. રાવલ | હાજર |
| ૧૪. | ડો. મયુરીબેન પંડયા | હાજર |
| ૧૫. | ડો. ભારતીબેન પાઠક | હાજર |
| ૧૬. | ડો. એચ. સી. સરદાર | ગેરહાજર |
| ૧૭. | ડો. મહેશ બી. પટેલ | ગેરહાજર |
| ૧૮. | ડો. પંકજ શ્રીમાળી | હાજર |
| ૧૯. | ડો. અર્ચના માંકડ | ગેરહાજર |
| ૨૦. | ડો. મીનુ શરાફ | હાજર |
| ૨૧. | ડો. દિગ્વિજયસિંહ ગોહિલ | હાજર |
| ૨૨. | ડો. પ્રદીપ પી. પ્રજાપતિ | હાજર |
| ૨૩. | ડો. સવિતા ગાંધી | હાજર |
| ૨૪. | ડો. એન. કે. જૈન | હાજર |
| ૨૫. | ડો. દિલીપ એસ. ચારણ | હાજર |

| | |
|---|---|
| ૨૬.ડો.વનરાજસિંહ કે. ચાવડા | હાજર |
| ૨૭.ડો. શિરીષ કાશીકર | હાજર |
| ૨૮.ડો. પંકજભાઇ શુકલા | હાજર |
| ૨૯.શ્રી રમેશભાઇ જે. ચૌધરી | હાજર |

ગુજરાત સ્ટેટ રેંકીંગમાં ગુજરાત યુનિવર્સિટીને ફસ્ટ રેંક પ્રાપ્ત થવા બદલ સભ્યશ્રીઓએ માન. કુલપતિશ્રી તેમજ ઉપકુલપતિશ્રીને આ ગૌરવ લેવા જેવી બાબતે અભિનંદન પાઠવીને તેમની કામગીરીને બિરદાવી હતી. આ તબકકે માન. કુલપતિશ્રીએ પણ તમામના સહકારથી આ શકય બન્યું હોઇ, સૌનો આભાર માન્યો હતો.

વધુમાં મીટીંગની શરૂઆતમાં સભ્યશ્રી ડો. પી.એન. ગજ્જર સાહેબને કારનો ગંભીર અકસ્માત થયેલ હોઈ તેમને મીટીંગમાં હાજરી અંગે ટેલિફોનિક સંમતિને તેઓશ્રીના મેડીકલ બેકગ્રાઉન્ડ ધ્યાને લઈ સર્વાનુમતે મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું. ત્યારબાદ મીટીંગના એજન્ડા પરનું કામ શરૂ કરવામાં આવ્યું.

બા.ક્ર.૧ તા.૧૧-૦૨-૨૦૨૦ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૧/૦૨/૨૦૨૦ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.**

બા.ક્ર.૨ કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યો જાણ સારૂ.

૨(૧) ૧: હિન્દી વિષયની તા.૧૦-૨-૨૦૨૦ના રોજ બોર્ડ ઓફ સ્ટડીઝની મીટીંગ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી, જેની મીનીટસ મંજુર કર્યાનું.

૨: કેમેસ્ટ્રી વિષયની તા.૧૩-૨-૨૦૨૦ના રોજ બોર્ડ ઓફ સ્ટડીઝની મીટીંગ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી, જેની મીનીટસ મંજુર કર્યાનું.

૩: કોમ્પ્યુટર સાયન્સ વિષયની તા.૧૫-૨-૨૦૨૦ના રોજ બોર્ડ ઓફ સ્ટડીઝની મીટીંગ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી, જેની મીનીટસ મંજુર કર્યાનું.

૪: ગુજરાતી વિષયની તા.૨૮-૨-૨૦૨૦ના રોજ બોર્ડ ઓફ સ્ટડીઝની મીટીંગ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી, જેની મીનીટસ મંજુર કર્યાનું.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજુર કરેલ ઉપરોકત કાર્યની નોંધ લઇ મંજુર કરવાનું રાખવું અને તદ્નુસાર એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખવું.**

બા.ક્ર.૩ ભાષા સાહિત્ય ભવનનાં સંસ્કૃત વિભાગનાં ઉપક્રમે શરૂ કરાયેલ એક વર્ષીય અભ્યાસક્રમ 'પી.જી.ડીપ્લોમા એન્ડ ડિપ્લોમા ઈન આયુર્યોગ સાયન્સ' અભ્યાસક્રમની એડવાઈઝરી કમિટીની તા.૨૬-૦૬-૨૦૧૯ની મીનીટસ મંજૂર કરવા બાબત.

(મીનીટસની નકલ **પરિશિષ્ટ-૧** તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત અભ્યાસક્રમની એડવાઇઝરી કમીટીની તા.૨૬-૦૬-૨૦૧૯ની મીનીટસ મંજુર કરવાનું રાખવું.**

બા.ક્ર.૪ ભાષા સાહિત્ય ભવનનાં સંસ્કૃત વિભાગનાં ઉપક્રમે શરૂ કરાયેલ એક વર્ષીય અભ્યાસક્રમ ડીપ્લોમા ઈન ફિલ્મ મેકીંગ અભ્યાસક્રમની એડવાઈઝરી કમિટીની તા.૨૬-૦૬-૨૦૧૯ની મીનીટસ મંજૂર કરવા બાબત.

(મીનીટસની નકલ **પરિશિષ્ટ-૨** તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત અભ્યાસક્રમની એડવાઇઝરી કમીટીની તા.૨૬-૦૬-૨૦૧૯ની મીનીટસ મંજુર કરવાનું રાખવું.**

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી સર્વાનુમતે નીચેના ઠરાવો કરવામાં આવ્યા.

૫) શારીરિક શિક્ષણ વિભાગમાં તા.૦૪/૦૨/૨૦૨૦નાં રોજ મળેલ આર.ડી.સી. ની સભામાં થયેલ નિર્ણયને ગ્રાહય રાખીને ઠરાવવામાં આવ્યું કે પીએચ.ડી. અને એમ.ફીલ.માં વિધ્યાર્થી અંગ્રેજી/ગુજરાતી/હીન્દી ભાષામાં સીનોપ્સીસ જમા કરાવી શકશે.

૬) સાંપ્રત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જરૂરિયાતોને ધ્યાનમાં લઇને ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાલતા અભ્યાસક્રમોની સંખ્યા, વ્યવસ્થા અને વિષયની સાનુકૂળતા તથા રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના કાર્યોને અનુસંધાને અલગ અલગ સ્કૂલ્સની રચના કરવી અનિવાર્ય છે. આ વિવિધ સ્કૂલ્સ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સહયોગ અને વિસ્તરણની પ્રવૃત્તિને વેગ આપવા તેમજ ગુજરાત યુનિવર્સિટીની વીઝીબીલીટી વધે તે માટે કાર્ય કરશે, જે સંદર્ભે નીચે મુજબની સ્કૂલ્સની રચના કરવાનું ઠરાવવામાં આવ્યું.

1) School of International Studies & Diaspora
2) School of Emerging Technologies
3) School of Defence Studies & Homeland Security
4) School of Advanced Business Studies
5) School of Aeronotics & Aviation
6) School of Performing Arts & Films
7) School of Life Sciences

ઉપરોક્ત વિવિધ સ્કૂલ્સની રચનાના અનુસંધાનમાં કરવાની થતી જરૂરી કાર્યવાહી, જવાબદારી અને આનુષાંગિક બાબતો નકકી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યું.

૭) ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાલતા રાજય સરકારશ્રીના નવીનતમ આયામ એવા રિસર્ચ પાર્ક (GU-PIER) ખાતે રાજય સરકારશ્રીના રિસર્ચ પાર્ક મોનીટરીંગ કમીટીના પરામર્શમાં જરૂરી કાર્યવાહી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યું.

૮) શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦-૨૧ના તમામ ફેકલ્ટીના કેન્દ્રીય પ્રવેશ અંગેની તમામ કામગીરી તથા તેનો આનુષાંગિક ખર્ચ મંજૂર કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૯) ગુજરાત યુનિવર્સિટીનો MOU Education Hub of Australia Pvt. Ltd. સાથે કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૦) ગુજરાત યુનિવર્સિટીનો MOU Global Institute of Stem Therapy and Research (GIOSTAR-USA) સાથે કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૧) ગુજરાત યુનિવર્સિટીનો MOU TECHDEFENCE LABS Solutions Pvt. Ltd. (TLS) સાથે કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૨) ગુજરાત યુનિવર્સિટીનો MOU PRAKRIT PALI DEPARTMENT, University School Languages, Gujarat University તથા SOAS University of London, UK સાથે કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

ડો. પી. એમ. પટેલ
કુલસચિવ(ઇન્ચાર્જ)

નં.એકેડેમિક/ ૫૧૨૪૭/૨૦૨૦
ગુજ ાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ. તા.૨૬-૦૫-૨૦૨૦